ગુજરાતમિત્ર
રવિવારીય પૂર્તિ
તા. ૫ ફેબ્રુઆરી, ૨૦૧૨

# ભારતીય રાજકારણ: તોફાન પહેલાંની શાંતિ

આજકાલના અક્ષાંશ રેખાંશ

ભગવતીકુમાર શર્મા




કાતિલ શિયાળાને કારણે દેશનું હવામાન ઠંડુગાર બની ગયું છે, હમણાં એવી આગાહી થઈ છે કે 'ગ્લોબલ વોર્મિંગ'ની વાત ભૂલી જાઓ; હવે તો વિશ્વમાં હિમયુગ આવી રહ્યો છે! આ આગાહી સાચી પડે ત્યારની વાત ત્યારે, પણ અત્યારે તો શિયાળાના સથવારે દેશનું રાજકારણ પણ ઠરી ગયેલું લાગે, પરંતુ માર્ચ મહિનો શરૂ થતાં જ આ ટાઢુંબોળ વાતાવરણ રીતસર ઊકળવા માંડવાનું છે. ભારતીય રાજકારણમાં અત્યારે તોફાન પહેલાંની શાંતિ પ્રવર્તી રહી છે. એ તોફાન બે સ્તરે ત્રાટકવાનું છે: એક તો સંસદની બજેટ-બેઠક શરૂ થશે અને બીજું, પાંચ રાજયોની વિધાનસભાઓની ચૂંટણીનાં પરિણામો જાહેર થશે. સંસદનાં સત્રો હવે અચૂક રીતે હંગામેદાર બને છે. આમાં છેલ્લાં બંને સત્રો, વર્ષાસત્ર અને શિયાળુ સત્ર કેવાં ગાજવીજભર્યાં બન્યા હતાં તેની યાદ તો હજી તાજી જ છે. વર્ષાસત્ર પર અણ્ણા હઝારેના ઉપવાસ અને લોકપાલ- વિધેયક માટેનું આંદોલન છવાઈ ગયાં હતાં, જયારે વર્ષાસત્ર લોકપાલ- વિધેયકની ચર્ચામાં તરબોળ બન્યું હતું. બજેટસત્રો તો જેટલાં લાંબાં તેટલાં જ ઘટનાસભર બનવા માટે જાણીતાં છે. સંસદનું આગામી બજેટસત્ર સામાન્ય અંદાજપત્ર, રેલવે-બજેટ, આર્થિક સમીક્ષા વગેરેને લીધે મહત્ત્વનું બનવાનું જ છે, તદુપરાંત લોકસભામાં પસાર થઈ ગયેલા, પણ રાજયસભામાં બાકી પડેલા લોકપાલ- વિધેયકને રાજયસભાની પણ મંજૂરી મળે તે માટેના સરકારી પ્રયત્નો અને દાવપેચોમાંથી પણ ઘણી કશ્મકશ સર્જાવાની છે.

દરમિયાન ઉત્તર પ્રદેશ, પંજાબ, ઉત્તરાખંડ, મણિપુર અને ગોવા એ પાંચ રાજયોની વિધાનસભાઓની ચૂંટણીનાં પરિણામો આવશે જે વધતેઓછે અંશે દેશમાં રાજકીય ભૂકંપ સર્જી શકે તેમ છે અને તેને પગલે કેન્દ્રીય સ્તરનાં પણ કેટલાંક રાજકીય સમીકરણો બદલાવાનો પૂરો સંભવ છે. આમાંથી દેખીતી રીતે જ ઉત્તર પ્રદેશની ચૂંટણીનાં પરિણામોનું સર્વાધિક મહત્ત્વ છે. પંજાબ અને ઉત્તરા ખંડનો જનાદેશ પણ મર્યાદિત મહત્ત્વ તો ધરાવે જ છે. મણિપુરની ચૂંટણી મિલિટન્ટ્સના હિંસક ઉધામાને કારણે લોહીથી ખરડાઈ ચૂકી છે.

દેશભરના રાજકારણીઓ અને રાજકીય સમીક્ષકોની મીટ ઉત્તર પ્રદેશ પર મંડાયેલી છે. ચૂંટણીપંચે પરિણામોનાં અનુમાનોની પ્રસિદ્ધિ પર પ્રતિબંધ ફરમાવેલો છે, પણ ઉત્તર પ્રદેશમાં સામસામી દિશાના જે તીવ્ર રાજકીય પ્રવાહો વહી રહ્યા છે તેના અભ્યાસ પરથી એક વ્યાપક સૂર એવો નીકળ્યો છે કે, ઉત્તર પ્રદેશમાં આ વખતે 'હંગ' કે ત્રિશંકુ વિધાનસભા રચાશે અર્થાત્ પાંચ વર્ષ પહેલાં માયાવતીની બહુજન સમાજ પાર્ટીને જે પ્રચંડ બહુમતી મળી હતી તેવી આ વખતે તેમને કે કોઈ પણ પક્ષને નહિ મળે અને તદ્દન અસ્પષ્ટ ચિત્ર ઊપસશે. આ પાંચ વર્ષમાં માયાવતી ઘણી પ્રતિષ્ઠા ગુમાવી ચૂક્યાં છે અને બહુ બહુ તો તેઓ 'સિંગલ લાર્જેસ્ટ પાર્ટી' બનવાની અપેક્ષા રાખી શકે તેમ છે. તેમના કટ્ટર રાજકીય હરીફ સમાજવાદી પાર્ટીના સર્વેસર્વા મુલાયમસિંહ યાદવ પણ સ્પષ્ટ બહુમતીની અપેક્ષા રાખશે તો તે તેમનો કદાચ કલ્પનાવિહાર બની રહેશે.

કોંગ્રેસ સચિવ 'યુવરાજ' રાહુલ ગાંધી મહિનાઓથી ઉત્તર પ્રદેશમાં ડેરાતંબૂ નાખીને બેઠા છે. આ ચૂંટણીમાં તેમણે તેમની સમગ્ર રાજકીય કારકિર્દીને હોડમાં મૂકી છે. રાહુલ માટે આ ચૂંટણી 'નાઉ ઓર નેવર' અર્થાત્ 'અભી નહીં તો કભી નહીં' જેવી પુરવાર થઈ શકે તેમ છે. કેન્દ્રની કોંગ્રેસી વર્ચસ્વ હેઠળની સમગ્ર સરકાર તેમને પડખે છે. છેલ્લા બેએક મહિનામાં લઘુમતી માટે સાડાચારથી નવ ટકા સુધીની અનામતની જે મધલાળ પાથરવામાં આવી છે તે ઉત્તર પ્રદેશની ચૂંટણી જીતવા માટેના કોંગ્રેસી પેંતરા સિવાય બીજું કાંઈ નથી, પણ તે પછીયે કોંગ્રેસ આ ચૂંટણીમાં ત્રીજા ક્રમથી ઊંચે ચઢવાની આશા રાખી શકે તેમ નથી, તેવું રાજકીય સમીક્ષકોને અત્યારના સમયબિન્દુએ લાગે છે.

**ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષ માટે આશ કરતાં આઘાતની સંભાવના વધારે બતાવે છે. ત્યાંના હડહડતા ભ્રષ્ટાચારીઓને તંબૂમાં પ્રવેશ આપીને ભાજપે જાતે જ પોતાના પગ પર કુહાડો માર્યો છે.**

ઉત્તર પ્રદેશની ચૂંટણીમાં ભારતીય જનતા પક્ષ માટે આશ કરતાં આઘાતની સંભાવના વધારે બતાવે છે. ત્યાંના હડહડતા ભ્રષ્ટાચારીઓને તંબૂમાં પ્રવેશ આપીને ભાજપે જાતે જ પોતાના પગ પર કુહાડો માર્યો છે. લઘુમતીઓને અનામતનો તેનો વિરોધ કે રામમંદિર-નિર્માણનું તેનું વચન તેની ઝોળીમાં સાગમટે હિન્દુ મતો ઠાલવી શકે તેમ નથી.

જો ઉત્તર પ્રદેશની ચૂંટણીનાં પરિણામો પછી આવું અસ્પષ્ટ અને ધૂંધળું ચિત્ર ઊભરે તો તેનો અર્થ એ જ કે પરિણામો પક્ષની વરવી, ધૃણાજનક સોદાબાજીનાં બજારો એકદમ ધમધમતાં થઈ જશે. અત્યારથી જ એવાં અનુમાનો વહેતાં થઈ રહ્યાં છે કે માયાવતી જો 'સૌથી મોટો રાજકીય પક્ષ' બનવા જેટલી બેઠકો ખેંચી લાવે તો ભાજપ તેમને અંદરથી કે બહારથી ટેકો આપી મુખ્યમંત્રીનું પદ પુનઃ પ્રાપ્ત કરવામાં (અને ફરી એક વખત પોતે ઉલ્લુ બનવામાં!) મદદરૂપ થશે જેથી કોંગ્રેસને તો સત્તાની નિકટ આવતી અટકાવી શકાય! આવું જ અનુમાન સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસનાં ભાવિ સમીકરણને સંબંધે અનુમાન ચાલે છે. ભાજપને પાછલે બારણે ય સત્તામાં દાખલ પડતો રોકવા માટે કોંગ્રેસ મુલાયમસિંહને ટેકો આપે તે અકલ્પ્ય નથી. વળી ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલાં માયાવતી અને મુલાયમ બંનેના વોટની લાચાર સી.બી.આઈ. કોંગ્રેસના હાથમાં જ છે. લોકપાલ-વિધેયક અંગેનું સંસદમાંનું સ.પા.નું વલણ પણ પોતાનો ભાગ ભજવી શકે તેમ છે! ઉત્તર પ્રદેશની આ બધી સંભવિત રાજકીય ઉથલપાથલોની પરોક્ષ-અપરોક્ષ અસર કેન્દ્રની રાજનીતિ ઉપર પડયા વિના કાંઈ રહેવાની છે?

પંજાબમાં અત્યારના સત્તારૂઢ અકાલીદળ-ભાજપ ગઠબંધનનું ચૂંટણી-ભાવિ પણ સારું નથી મનાતું. ભયંકર ભ્રષ્ટાચાર તેનું કારણ છે. પંજાબ જેવા પ્રધાન રાજયના ખેડૂતોએ પણ આપઘાત કર્યા છે એ હકીકત જ ત્યાંની ખરાબ સ્થિતિની બાંગ પોકારે છે. વળી મુખ્યમંત્રી પ્રકાશસિંહ બાદલના ભત્રીજા મનજીત બાદલે ત્રીજો મોરચો રચી બાદલ અને તેમના કટ્ટર કોંગ્રેસી પ્રતિદ્વન્દ્રી કેપ્ટન અમરેન્દ્રસિંહના કિસ્સાઓમાં પણ ગાબડાં પાડયાં છે એમ મનાય છે, જેથી પંજાબનું પરિણામ દિલધડક આવી શકે.

ઉત્તરાખંડમાં ભાજપ માટે ચિત્ર કંઈક અનુકૂળ લેખાતું હોય પણ ઉત્તર પ્રદેશ જેવા મહત્ત્વના રાજયમાં તેની સ્થિતિ જો વધારે નબળી બને અને પંજાબમાં સત્તામાંની તેની ભાગીદારીનો અંત આવે તો આ ચૂંટણીઓ તેને માટે અમંગળ નીવડે. બીજી બાજુ કોંગ્રેસ તેની વર્તમાન સ્થિતિ સુધારી શકે તોયે તેની હૈયાધારણ વધે. બ.સ.પા., સ.પા. અને અકાલી દળ જેવા પ્રાદેશિક પક્ષો તો કદ પ્રમાણે વેતરાઈ જાય તો તેમાં કાંઈ ખોટું નથી.

૨૦૧૪નું વર્ષ હવે બહુ છેટું ન ગણાય. ઉત્તર પ્રદેશની ચૂંટણીનાં પરિણામોનો રેલો ૨૦૧૪ની સાલ સુધી વિસ્તરી શકશે કે કેમ તે જોવું રહ્યું. ૨૦૧૪ સુધીમાં એ દેશની રાજનીતિમાં અગાધ પરિવર્તનો આવવાની સંભાવના છે. ૨૦૧૪ની લોકસભા-ચૂંટણીની સંભવિત તાસીરની અત્યારથી જ અટકળો શરૂ થઈ ગઈ છે. અંગ્રેજીના એક વગદાર રાષ્ટ્રીય અખબારમાં હાલમાં પ્રગટ થયેલા એક સર્વેક્ષણ અનુસાર, ૨૦૧૪ની ચૂંટણીમાં કોંગ્રેસ લોકસભાની માત્ર એકસો બેઠકો મેળવી શકશે, જયારે ભાજપ પણ એકસોદસથી વધારે બેઠકોની આશા રાખી શકે તેમ નથી. લોકસભામાં સાદી બહુમતી મેળવવા માટેયે ૨૭૨ બેઠકો અનિવાર્ય છે અને એ 'મેજિક ફિગર' સુધી પહોંચવા

અનુસંધાન પાનાં છ પર

# આધાર કાર્ડની અદ્ધરતાલ વાતો

**દરેક ભારતીયને મળનારી નવી ઓળખ એટલે યુનિક આઇડેન્ટિફિકેશન નંબર અથવા આધાર કાર્ડ. બહુ જ વાજતે ગાજતે શરૂ થયેલા આ પ્રોજેકટથી આમ પ્રજાને ખાસ ઓળખ મળનારી હતી, પણ જ્યાં આમ પ્રજાની વાત હોય ત્યાં જલ્દીથી કંઇ ખાસ બને નહીં અને યુનિક આઇડેન્ટિફિકેશન (યુઆઇડી) માં પણ એવું જ બની રહ્યું છે...**

ઈન સાઈડ આઉટ સાઈડ

કિરણ કાપૂરે

તમને કોઇ તમારી આઈડેન્ટી માંગે તો તમે તેને તમારા પાકિટમાં રહેતું લાઈસન્સ બતાવશો કાં તો નોકરી કરતાં હોય ત્યાંનું ઓળખપત્ર બતાવશો. કોઈ ગૃહિણીને તેની ઓળખ માંગવામાં આવે તો મોટાભાગે તે તમને ચૂંટણી કાર્ડ બતાવે તેવી શકયતા વધુ રહે. વિદ્યાર્થીઓ પાસે ઓળખ માંગો તો સ્કૂલ - કોલેજનું આઈડેન્ટી કાર્ડ બતાવશે. પણ આ તમામ આઈડેન્ટી કાર્ડને ધ્યાનથી જોશો તો તેમાં તમારા નામ, એડ્રેસ અને ઊંમર સિવાય ભાગ્યે જ વધુ વિગત સમાવી હોય છે. આટલી સરળ ઓળખ અને ટૂંકી વિગતના કારણે આ તમામ આઈડેન્ટી કાર્ડમાં ડુપ્લિકેશન કરવાનું બહુ જ સરળ બની જતું હતું. કોઈપણ શખ્સ કોઈના પણ કાર્ડના આધારે પોતાનું કામ કઢાવી શકે તેવું બનતું. આ બધાથી કાયમ માટે છૂટકારો મેળવવા




**યુઆઈડીની સૌથી શોકિંગ સ્ટોરી એવી છે કે આ પ્રોજેકટ અંતર્ગત જે માહિતી એકઠી કરાઇ રહી છે તેવી જ પ્રક્રિયા બીજી તરફ નેશનલ પોપ્યુલેશન રજીસ્ટ્રાર તરફથી પણ થતી હતી.**

અને દરેકની એક 'યુનિક' ઓળખ હોય તે માટે કેન્દ્ર સરકારે યુનિક આઈડેનિન્ટિફિકેશન નંબર દરેક ભારતીયને આપીને દરેકની નવી જ પહેચાન બનાવવાનો જંગી પ્રોજેક્ટ હાથ ધર્યો હતો.

મૂળ તો આ ઓળખ આપવાની કવાયત શરૂ થઈ હતી કારગીલ વોર પછી. ભાજપ એલાયન્સની એનડીએ સરકારી નાગરિકોને ચોક્કસ અને સુરક્ષિત ઓળખ મળે તે માટે 'મલ્ટીપલ પર્પસ નેશનલ આઈડેન્ટીકાર્ડ'નો પ્રોજેક્ટ લાગુ કરવાનો વિચાર કર્યો હતો. નેશનલ પોપ્યુલેશન રજિસ્ટ્રારના અંતર્ગત આવતા ઓ પ્રોજેક્ટના મુખ્ય ઉદેશ ગેરકાયદેસર ઘૂસણખોરી રોકવાનો હતો, જેના માટે ૨૦૦૩માં સીટીઝન શીપ એકટ હેઠળ કાયદો પણ ઘડવામાં આવ્યો. જો કે તે વખતે આ પૂરા પ્રોજેકટમાં બાયોમેટ્રીક એટલે કે શરીરની કોઇ ઓળખ લેવામાં આવશે તે મુદ્દો સમાવવામાં આવ્યો ન હતો. પરંતુ ૨૦૦૫માં અચાનક જ કોઇક રીતે બાયોમેટ્રીક સેમ્પલ જ આ કાર્ડનો મુખ્ય ઉદેશ બની ગયો. બાયોમેટ્રીક અને ૧૨ ડીજીટ નંબરની વિશેષ ઓળખ આપવાની વાત આવી ત્યારે આ પ્રોજેકટના જમા પાસાની લિસ્ટ વધુ લંબાતી ગઇ, જેમાં કોઇ જ ઓળખપત્ર ન ધરાવતા આદિવાસી અને ગરીબથી માંડીને રેશન અને નેશનલ રૂરલ એમ્પ્લોયમેન્ટ સ્કીમમાં યોગ્ય વ્યકિતને જ લાભ મળે તે મુદ્દા ઉમેરવામાં આવ્યા. યુઆઈડીથી બેન્ક એકાઉન્ટ, પાન કાર્ડ જેવી સુવિધાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બને તેવી વાત પણ કરવામાં આવી. એક સાથે તમામને મળનારી આ પહચાનથી સૌને આશા જાગી હતી. અને આ આશાને ફળીભૂત કરવા માટે ૨૦૦૯માં યુઆઈડી પ્રોજેકટની જવાબદારી ઈન્ફોસિસના સીઈઓ નંદન નીલેકાનીને સોંપવામાં આવી. કેબિનેટ મિનિસ્ટરના દરજ્જાથી આ પ્રોજેકટના ચેરમને બનેલા નંદન નીલેકાનીએ આ પદ પર આવતાની સાથે જ યુઆઈડીની જરૂરીયાત વિશે લઈને કહ્યું કે 'ઇંદિરા યુગમાં સ્લોગન હતું ગરીબી હટાવો ૧૯૭૦ થી ૮૦ના દાયકામાં પ્રજાની આંકાક્ષા રોટી, કપડા અને મકાન પર કેન્દ્રિત થઇ અને બજારીકરણના દોરમાં બીજલી, સડક અને પાની પર ધન ખેંચાયું અને હાલના વર્ષોમાં માળખાકીય સુવિધા ઝડપથી સુધરતા. આંકાક્ષાઓ ફરી બદલાઇ છે. આજે બધી વાત વર્ચ્યુઅલ વલર્ડ પર આવીને અટકી છે. જેમ કે આઈડીનંબર, મોબાઈલ ફોન અને ઓનલાઈન બેન્ક એકાઉન્ટ... આનાથી જ સેવા લાભ અને અધિકાર મેળવી ઝડપથી મેળવી શકાય. અમે આધાર પછીના વિશ્વને નજર સામું રાખીએ છીએ.' નંદન નીલેકાની વિશ્વાસભરી આ વાતથી એવું ચિત્ર ખડું થયું જાણે ઈન્ડિયાની સુપર સ્ટોરની 'મિસિંગ લિંક'ના મળી આવી હોય! નીલકાની પછી વડાપ્રધાન મનમોહનસિંઘે પણ યુઆઈડીને મોર્ડન ઈન્ડિયાના પ્રતિક તરીકે ગણાવ્યું હતું. રાહુલ ગાંધીએ તો આ બધાથી ઉપર ઉઠીને એવી વાત કહી હતી કે યુઆઈડી બે ભારતીય વચ્ચે કડી સમાન બની રહેશે અને ઉપરાંત આ દ્વારા તમે વિપુલ તકો ધરાવતા ભારતથી કંઈક લઈને અભાવથી ઘેરાલેયા ભારતમાં તેને મૂકી શકશો.

યુઆઈડીના આમ અગણિત લાભ ગણાવવામાં આવ્યા. પરંતુ હવે યુઆઈડી પ્રોજેકટમાં પણ કોમનવેલ્થ અને હજી

અનુસંધાન પાનાં ૭ પર

# નબળો શાહરૂખ કુંદર પૂરો શૂરો

કડકમીઠી

બકુલ ટેલર

**કિરણ બોલતાં જેનાથી ક...ક...ક થઇ જતું હોય તે વળી રિયલ ફાઇટિંગ તો શું કરી શકે? પણ રા-વનની નિષ્ફળતાથી રાવણ સમા બની ગયેલા શાહરૂખે ફરાહ ખાનના પતિને ભરપાર્ટીમાં લાફો ઝીંકી દીધો. આ માટે તેણે ખાસ દારૂ પીવો પડેલો કારણ કે ડોન-ટુ અને રા-વનની નિષ્ફળતાએ તેનો હીરો તરીકેનો નશો ક્યારનો ઉતારી નાંખ્યો હતો. બબ્બે વખત ડોન બનવા છતાં અસલી ડોન અમિતાભને પછાડી ન શકેલો શાહરૂખ લાફો મારવા ગયો પણ તેનાથી તો તેની નિષ્ફળતા ઑર જાહેર થઇ ગઇ. હવે?**

શાહરૂખ ખાનની ઈમેજ એક્શન સ્ટારની નથી પણ ઘણી વાર એવું બનતું હોય છે કે ઉંમર વધે તો 'ના ના મારી ઉંમર વધી નથી' એવા વહેમ સાથે બીજાને ન વધેલી ઉંમર દેખાડવાના વણજોઈતા સાહસમાં લોકો ઉંમર દેખાડી દે છે. ૧૫ ડગલા દોડાય તેમ ન હોય તો ય કહે કે માઈલ તો અમથો દોડી આપું. ઘરના બે માળના પગથીયા ચડતાં ફેં થઇ જવાતું હોય ને કહે કે ગિરનાર ચડીને બતાવી આપું, બોલ લગાવવી છે શરત? ઘણા લોકો (પુરુષો) ૫૦-૫૫ પછી ઑર એકાદ લગ્ન યા લફરા કરવા એટલે જ તૈયાર હોય છે કે તેમણે 'અભી તો મેં જવાન હું' દેખાડી આપવું હોય છે. પછી કૌંચાપાક અને સેક્સ ઉત્તેજના વર્ધન ગોળીઓ સોધવા સાવ ખાનગીમાં ભટકે ને ન મળે તો ફીક્કા મોઢે પાછા વળે. લ્યા ભૈ, જે ન થતું હોય તે ન કરવાનું. આમાં વળી જીદ શાની? પણ માને તે બીજા. બસ, આ શાહરૂખ ખાન પણ હવે ખોટી ખાંડ ખાવા માંડ્યો છે. રા-વન ફિલ્મ તેના માટે રાવણ પુરવાર થઈ એટલે દાંતિયા કાઢે છે. ગમે તે મારે-ઝીંકે છે. ફરાહ ખાન એક સારી કોરિયોગ્રાફર છે અને તેના દિગ્દર્શનમાં બનેલી ફિલ્મમાં શાહરૂખે કામ પણ કર્યું છે. આ ફરાહના જ પતિને તેણે લાફો ઝીંકી દીધો. ફરાહની બાજુમાં ઊભો હોય તો કોણ કોનો પતિ છે એ નક્કી કરવું મુશ્કેલ પડે એવો શિરીષ કુંદર બિચ્ચારો એક્શન ડાયરેકટરનો પતિ નહોતો એટલે વળતો હુમલો ન કરી શક્યો. પણ જે થયું તે ઠીક તો નથી જ થયું. શાહરૂખે કોઈને લાફો જ ઝીંકવો હતો તો 'રા-વન'ના ડાયરેકટરને અને તે પહેલાં એ ડાયરેકટરને ડાયરેકશન માટે પસંદ કરનાર પ્રોડ્યુસરને એટલે કે ખુદને લાફો ઝીંકવો જોઈતો હતો, પણ હીરોલોગ બીજાને મારે ત્યારે જ હીરો ગણાતા હોય છે અને તેમાં હડફટે ચડી ગયો શિરીષ કુંદર. આ તો સાલો શિરીષ કુંદરની મર્દાનગીનો સવાલ થયો કહેવાય. આમ તેની પર શંકા કરી શકાય તેમ નથી કારણ કે તેની પત્ની ફરાહએ એક સાથે ત્રણ બાળકોને જન્મ આપ્યા હતા. પતિ ખરેખર પુરુષ છે કે નહીં તે પત્ની જ સાબિત કરી આપતી હોય છે. પણ હવે શાહરૂખે બિચ્ચારા કુંદરને ઝપટે ચડાવી દીધો છે. આમ, લાફો કોઈ મોટી વાત નથી હોતી. તેનાથી શરીર પર કોઈ મોટા ઘા નથી પડી જતા પણ કોણે, કોને માર્યો તેના આધારે ઈજ્જતનાં તોલ-માપ થતા હોય છે. શાહરૂખ બહુ નામીચો સ્ટાર છે એટલે તેના લાફાની ગૂંજ દેશ નહીં પરદેશ સુધી ગુંજી ઊઠે... કરોડો લોકોને ખબર પડી જાય કે તેણે એક શિરીષ કુંદર નામના વ્યક્તિને ભર પાર્ટીમાં લાફો મારી દીધો. બસ, ખલ્લાસ! ભલે સંજય દત્તે કુંદરને બીજો લાફો ન ખાવા દીધો પણ જે ખવાયો તે લાફાનું શું? હવે પેલી ફરાહ ખાન ટી.વી.ના કાર્યક્રમોમાં જજ તરીકે બેસશે તો કાર્યક્રમ જોનારા તરત જ કહેશે. 'આ પેલી એ જ ફરાહ જેના પતિને શાહરૂખે એક સોલ્લિડ લાફો ઝીંકી દીધેલો.' ટી.વી. સ્કિનમાંથી ફરાહને આ સંભળાતું ન હશે તો ય તેનું મોઢું પડી જશે. આ કાંઈ જેવો તેવો મામલો તો નથી જ!



**ફિલ્મવાળાઓ ન સાચી ફાઇટ કરી શકે ન સાચો પ્રેમ કરી શકે, ન સાચા ફેરા ફરી શકે. એમની હેસિયત સેટ પર ગયા પછી કેમેરા સામે આવવાથી શરૂ થાય ને કેમેરા ઓફ થતાં ઓફ થઇ જાય.**

ફૂલનદેવી જેવી હોત તો ફરી આમાંથી ફૂલનદેવી બનીને ઘોડે ચડી (ડાકુઓ ઘોડે ચડતા હોય છે, પણ પરણતા કદી નથી) બદલો લેવા નીકળી હોત. શાહરૂખના મન્નત સામે ઊભા રહી, લગામ ખેંચીને ઘોડાની ડોક ઊંચી કરી ત્રાડ નાંખી હોત, 'અરે ઓ બુઝદિલ શાહરૂખ, અગર હિંમત હૈ તો સામને આ. આજ તેરા મેં વો હાલ કરુંગી કે દુનિયા દેખેગી... હાક્... થૂ!' શાહરૂખને તો પહેલેથી જ ધ્રુજીને ક..ક..ક કરીને બોલવાની ટેવ છે અને ફિલ્મોમાં ફાઈટ કરી હોય તે તો નકલી હોય. રિયલમાં તો કરી ન હોય એટલે સ્ત્રી સામે સ્ત્રીનો મુકાબલો વિચારી તે ગૌરીને તૈયાર કરે. ગૌરી બિચારીને અચાનક જ વીરાંગનાની ભૂમિકા મળી હોય એટલે પોતાના કપાળનો ચાંદલો શાહરૂખના કપાળ પર ચોંટાડી તૈયાર થાય. પણ શાહરૂખને થાય કે આ તો શિરીષ કુંદરને મેં લાફો માર્યો ને તેની ઈજ્જત ગયેલી તેનાથી વધુ ઈજ્જત જાય એવો મામલો છે. એટલે ફરી ક..ક..ક કરતો થઈ જાય.

ફિલ્મવાળાઓ ન સાચી ફાઈટ કરી શકે ન સાચો પ્રેમ કરી શકે, ન સાચા ફેરા ફરી શકે. એમની હેસિયત સેટ પર ગયા પછી કેમેરા સામે આવવાથી શરૂ થાય ને કેમેરા ઓફ થતાં ઓફ થઈ જાય. એક વાર દિલીપકુમારને તેની પ્રથમ હીરોઈન મૃદુલાના પતિએ લાફો મારી દીધેલો. બીજી વાર કામિની કૌશલના પતિ તેને બંદૂક લઈ શોધવા નીકળેલો. પહેલા જ ઝપાટે આ અનુભવ થયા પછી દિલીપકુમારે પરિણીત હીરોઈનને પ્રેમ કરવાને બદલે બીજાની પ્રેમિકાને પટાવવી શરૂ કરેલી અને એમ કરતાં ફરી આત્મવિશ્વાસ આવ્યો ત્યારે પરિણીત અસ્માને 'કિસી કો કાનોકાન ખબર નહીં પહુંચે' એવી તકેદારી સાથે નિકાહ પઢીને ઘરે લઈ આવેલા પણ ઘરમાં એવી જગ્યાએ છૂપાવી દીધેલી કે અસ્માને દિલીપકુમાર પણ દેખાતા નહીં. અસ્મા સમજી ગયેલી કે પરદા પરના દિલીપના પ્રેમ પર પરદો પાડી દેવામાં જ સાર છે. પ્રોડ્યુસરના પૈસે અને પ્રોડ્યુસરના સંરક્ષકો વચ્ચે પ્રોડ્યુસરે જેના માટે પૈસા ખર્ચ્યા છે તેવી હીરોઈનને પ્રેમ કરવામાં કોઈ જોખમ નથી. તેને ઘરે લાવવામાં જોખમ. અનેક હીરોલોગ તેમની પ્રિયતમાને પત્ની બનાવીને ઘરે લાવી શકયા નથી.

ફિલ્મનાં નિર્માણનું કામ પણ એવું છે. શાહરૂખ ખાન 'અશોકા' બનાવવા ગયેલો અને સમ્રાટ અશોકને જે રીતે વૈરાગ આવી ગયેલો તેવા જ હાલ થયેલા. તેણે 'ફિર ભી દિલ હૈ હિન્દુસ્તાની' બનાવેલી ત્યારે પણ દિલ તૂટી ગયેલું. પણ આમીર ખાન, સલમાન ખાન જેવાની સામે ઊભો રહેવા નિર્માતા બનવા જાય છે અને ફિલ્મ જેવી થિયેટરમાં પડે તેની સાથે જ તે પડે છે. 'રા-વન' નિષ્ફળ ગઈ તેમાં શિરીષ કુંદરનો કોઈ જ વાંક નહોતો પણ બિચ્ચારાને કુટી માર્યો. 'જોકર' બનાવી રહેલા કુંદરને ભરપાર્ટીમાં જોકર બનાવી દીધો. પણ કુંદરને થતું હશે કે સામે ન માર્યો તેં સારું જ થયું, જેની ફિલ્મ ફ્લોપ જાય તો આપોઆપ મુંએલો જ ગણાય, મરેલાને મારવામાં મર્દાનગી નથી.

કહે છે કે બીજે દિવસે શાહરૂખ સાથે સમાધાન થઈ ગયું. આ એક

અનુસંધાન પાનાં છ પર